RECOGNISING ACHIEVEMENT

**ADVANCED GCE**

# GUJARATI

**F884**

Listening, Reading and Writing 2

Candidates answer on the question paper.

**OCR supplied materials:**
- Special sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Wednesday 8 June 2011**
**Afternoon**

**Duration:** 2 hours 45 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- The insert will be found in the centre of this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Answer **all** the questions in Section A and B and **one** question in Section C.
- Do **not** write in the bar codes.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are three sections in this paper.
  **SECTION A: 38 Marks Listening and Writing**
  **SECTION B: 77 Marks Reading and Writing**
  **SECTION C: 45 Marks Writing**
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2011 [K/500/8404]
DC (SLM) 29571/5
OCR is an exempt Charity

**Turn over**

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 30 minutes*

### Task 1: Listening

**Village art of India – Pottery**

**Listen to the recording and answer the following questions IN ENGLISH.** **[6 marks]**

**(a)** What type of art do the women of Indian villages present? Give **one** detail.

.................................................................................................................................... **[1]**

**(b)** How can we recognise a potter's home in an Indian village?

.................................................................................................................................... **[1]**

**(c)** What activity would the potter be involved in? Give **two** details.

....................................................................................................................................

.................................................................................................................................... **[2]**

**(d)** What two designs are popular on the pots during festivals?

.................................................................................................................................... **[1]**

**(e)** What tells the customer that the pot he is buying is intact?

.................................................................................................................................... **[1]**

© OCR 2011

**સવાલ ૨ : શ્રવણ**

**ગુજરાતીઓનો બ્રિટનમાં વસવાટ**

**રજૂઆત સાંભળીને નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.**

**[૨૨ ગુણ વાચનબોધ માટે અને ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**(ક)** કેટલાક ગુજરાતીઓ પહેલવહેલા પૂર્વ આફ્રિકાના દેશોમાં શા માટે આવીને વસ્યા?

........................................................................................................................ **[૧]**

**(ખ)** કેટલાક ગુજરાતીઓ શા માટે પૂર્વ આફ્રિકાથી યુ.કે. આવી શક્યા?

........................................................................................................................ **[૧]**

**(ગ)** ગુજરાતીઓ યુ.કે. આવ્યા ત્યારે તેમને હવામાન અને ભાષા સિવાયની બીજી કઈ તકલીફો પડી હતી? **બે** વિગતો આપો.

**(૧)**................................................................................................................ **[૧]**

**(૨)**................................................................................................................ **[૧]**

**(ઘ)** આ મુશ્કેલીઓ હોવા છતાં તેઓ યુ.કે.માં શા માટે સ્થાયી થઈ શક્યા તેનાં **બે** કારણો આપો.

**(૧)**................................................................................................................ **[૧]**

**(૨)**................................................................................................................ **[૧]**

**(ચ)** ઘણા ગુજરાતીઓને શા માટે લાંબા સમય માટે સરકારી મદદની જરૂર ન રહી?

**(૧)**................................................................................................................ **[૧]**

**(૨)**................................................................................................................ **[૧]**

© OCR 2011

(છ) ગુજરાતીઓએ કઈ કઈ બાબતે તેમના જીવનધોરણને ઊંચું બનાવ્યું?

..............................................................................................................................................

..............................................................................................................................................[૨]

(જ) શરૂ શરૂમાં સ્થાનિક લોકો શા માટે ગુજરાતીઓ સાથે ભેદભાવ ભરેલું વર્તન રાખતા?

..............................................................................................................................................

..............................................................................................................................................[૨]

(ઝ) આ ભેદભાવને લીધે ગુજરાતીઓને શું શું સહન કરવું પડતું?

..............................................................................................................................................

..............................................................................................................................................[૨]

(ટ) ગુજરાતીઓ તેમના ક્યા ક્યા ગુણોને લીધે સ્થાનિક લોકોને ગમવા લાગ્યા?

..............................................................................................................................................

..............................................................................................................................................[૨]

(ઠ) ગુજરાતી માતાપિતાઓએ શા માટે તેમના બાળકોને ઉચ્ચ અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપ્યું?

..............................................................................................................................................

..............................................................................................................................................[૨]

(ડ) યુવાન ગુજરાતીઓના વ્યવસાય બાબતે શું બદલ્યું છે?

..............................................................................................................................................

..............................................................................................................................................[૨]

(ઢ) નોકરી ક્ષેત્રે ગુજરાતીઓ પ્રત્યેનો ભેદભાવ ઓછો થયો છે એમ શાના પરથી કહી શકાય?

.............................................................................................................................................. [૧]

(ણ) સ્થાનિક લોકો અને ગુજરાતીઓ એકબીજા સાથે કઈ રીતે ઓતપ્રોત થયા છે?

.............................................................................................................................................. [૧]

**Section A Total: 38 marks**

© OCR 2011

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour and 15 minutes*

**In Section B there are 10 marks for the Quality of Language.**

**સવાલ ૩ થી ૭**

**સવાલ ૩ થી ૭માં બધા જ સવાલો એક જ લેખ "રોગ અને દવા" પર આધારિત છે.**

**નીચેનો લેખ વાંચો.**

### રોગ અને દવા

૧ આપણાં મગજ, હૃદય, પેટ, વગેરે તેમનું કામ નિયમ અનુસાર કરતા રહે તો આપણી તંદુરસ્તી જળવાઈ રહે છે. શરીરને પૂરતું પોષણ ન મળે તો આપણી તંદુરસ્તી ટકી શકતી નથી. પૂરતા પોષણ વગર શરીરની શક્તિ ધીમે ધીમે ક્ષીણ થતી જાય છે અને પછી શરીરમાં રોગ સહેલાઈથી પ્રવેશે છે. શરીરમાં અશક્તિ હોય તો યોગ્ય ખોરાકપાણી લઈને શરીરમાં શક્તિ પૂરી શકાય. પણ જો શરીરમાં રોગ લાગ્યો હોય તો તેને માટે કોઈ ને કોઈ પ્રકારની દવા જરૂરી બને છે. દવાઓનો વપરાશ જૂના જમાનાથી થઈ રહ્યો છે અને રોજ નવી નવી દવાઓ બજારમાં આવતી રહે છે.

૨ આયુર્વેદ, હોમિયોપેથી, એલોપેથી, કુદરતી અને અન્ય સારવારોનો ઈતિહાસ લાંબો અને રસપ્રદ છે. પહેલાંના સમયમાં દર્દીને અમુક છોડનાં પાનનો રસ કે એના મૂળનો ઉકાળો પાવામાં આવતો. પછીથી બજારમાં તૈયાર પીવાની દવા અને ગોળીઓ મળવા લાગી. ૧૯૨૮માં એલેક્સાન્ડર ફ્લેમીંગે પેનિસિલિનની શોધ કરી તે પછી એન્ટિબાયોટિક દવાઓએ તબિબિ ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી. જો કે એન્ટિબાયોટિક અને બીજી કેટલીક એલોપેથી દવાઓની આડઅસરોને કારણે કેટલાક લોકોમાં આ દવાઓ વાપરવા બાબતે ભય ફેલાવા લાગ્યો છે અને તેઓ અન્ય પ્રકારની સારવાર લેતા થયા છે.

૩ શરીરમાં જરાક અસુખ લાગતાં જ લોકો ડોક્ટર પાસે દોડી જતા નથી. સૌ પ્રથમ તો તેઓ રસોડાનાં મરીમસાલાંનો ઉપયોગ કરી બીમારી દૂર કરવાનો પ્રયત્ન કરે છે. રોગ લંબાય કે ગંભીર સ્વરૂપ પકડે તો ડોક્ટર પાસે જવું પડે છે. ભારતમાં આયુર્વેદ અને હોમિયોપેથીના પ્રમાણમાં એલોપેથી સારવાર મોંઘી પડે છે. આને કારણે આયુર્વેદ અને હોમિયોપેથીના દવાખાનાં દર્દીઓથી છલકાતાં હોય છે. આયુર્વેદ દવાઓ કુદરતી સામગ્રી વાપરીને તૈયાર કરવામાં આવે છે. આ દવાની સાથે દર્દી અમુક જાતનો જ ખોરાક લઈ શકે છે. હોમિયોપેથી દવાની સાથે પણ કોફી, લસણ, ડુંગળી જેવી વસ્તુઓ લઈ શકાતી નથી. વળી હોમિયોપેથી દવા લાંબા સમય સુધી લેવી પડે છે તેથી દર્દી થાકી જાય છે. કેટલાક લોકોને કુદરતી ઉપચારોમાં શ્રદ્ધા હોય છે અને તે મેળવવા તેઓ ભારતના મોંઘાદાટ સ્વાસ્થ્ય કેન્દ્રમાં જાય છે. હા, ત્યાં રહી આવ્યા પછી તેમને થોડો વખત સારું લાગે છે પણ ઘરે આવ્યા પછી કેન્દ્રના શિસ્તનું પાલન બધાંથી કરી શકાતું નથી એટલે જૂનું દર્દ ફરી દર્શન દે છે.

૪ આપણે બીજા પ્રકારની સારવાર લેતાં હોઈએ તો પણ એલોપેથી સારવારની જરૂર આપણને પડે જ છે. એલોપેથીના દવાખાનામાં મળતાં સાધનો બીજે ક્યાં મળી શકશે? વળી એલોપેથી દવાઓ કેટલી બધી ચકાસણી પછી બજારમાં મૂકવામાં આવે છે એ આપણા ફાયદા માટે જ ને? સૌથી મહત્ત્વની વાત તો એ છે કે ઘૂંટણ બદલવો હશે કે હૃદયનો હૂમલો થશે ત્યારે એલોપેથી સારવાર સિવાય બીજું શું કામ આવશે?

| | |
|---|---|
| એલોપેથી | Modern or scientific medicine |
| આયુર્વેદ, હોમિયોપેથી<br>કુદરતી ઉપચાર | Ancient medical systems from India and China. |

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

સવાલ ૩

ફકરો પહેલો

**દરેક સવાલ માટે લેખ પ્રમાણે યોગ્ય ખાનામાં ચિહ્ન (✓) મૂકો.** **[૬ ગુણ]**

**(ક)** આપણી તંદુરસ્તી જાળવવા

- **ક** હૃદયને મજબૂત બનાવવું જરૂરી છે. ☐
- **ખ** શરીરના ભાગોનું કામ સારી રીતે થવું જરૂરી છે. ☐
- **ગ** શરીરમાં જુદા જુદા ભાગો હોવા જરૂરી છે. ☐

**(ખ)** શરીરને જરૂરી ખોરાક ન મળે તો

- **ક** તે પાતળું બને છે. ☐
- **ખ** ખૂબ ભૂખ લાગે છે. ☐
- **ગ** સ્વસ્થ રહી શકાતું નથી. ☐

**(ગ)** શરીરનું જોર ઓછું થાય એટલે

- **ક** તેમાં બીમારી આવે છે. ☐
- **ખ** તે લાંબુ જીવી શકતું નથી. ☐
- **ગ** તેમાં દુખાવો થાય છે. ☐

**(ઘ)** શરીરને શક્તિશાળી બનાવવા યોગ્ય

- **ક** ભોજન લેવું જોઈએ. ☐
- **ખ** દવાઓ લેવી જોઈએ. ☐
- **ગ** આરામ કરવો જોઈએ. ☐

**(ચ)** શરીરમાંથી બીમારીને કાઢવા

- **ક** હોસ્પિટલમાં જવું જરૂરી છે. ☐
- **ખ** દવા લેવી જરૂરી છે. ☐
- **ગ** પીણાં પીવા જરૂરી છે. ☐

**(છ)** દવાઓ વાપરવાની શરૂઆત

- **ક** ઘણાં વર્ષો પહેલાં થઈ હતી. ☐
- **ખ** વીસમી સદીમાં થઈ હતી. ☐
- **ગ** ભારતમાં થઈ હતી. ☐

© OCR 2011

સવાલ ૪

ફકરો પહેલો

**નીચે શબ્દો આપ્યા છે તેના સમાન અર્થવાળા શબ્દો પહેલા ફકરામાંથી શોધીને લખો.** **[૯ ગુણ]**

**(ક)** પ્રમાણે ........................................ **[૧]**

**(ખ)** અંગને ........................................ **[૧]**

**(ગ)** સ્વાસ્થ્ય ........................................ **[૧]**

**(ઘ)** નબળી ........................................ **[૧]**

**(ચ)** આસાનીથી ........................................ **[૧]**

**(છ)** કમજોરી ........................................ **[૧]**

**(જ)** બીમારી ........................................ **[૧]**

**(ઝ)** જાતની ........................................ **[૧]**

**(ટ)** સમયથી ........................................ **[૧]**

તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.

© OCR 2011

સવાલ ૫

ફકરો બીજો

**એક અથવા એકથી વધારે શબ્દો વડે લેખના અર્થ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.** **[૫ ગુણ]**

જૂના જમાનામાં લોકો રોગીને અમુક વનસ્પતિનો ઉકાળો **(ક)** ............................ આપતા. પછીથી બજારમાં તૈયાર દવા **(ખ)** ............................ શકાતી. પેનિસિલિનની શોધ તબિબિ દુનિયાની ખૂબ **(ગ)** ............................ શોધ હતી. પણ પછીથી લોકોએ જોયું કે એલોપથીની કેટલીક દવાઓ શરીરમાં બીજી ખરાબ અસરો **(ઘ)** ............................ હતી અને તેને કારણે તેઓ આ દવાઓ વાપરતા **(ચ)** ............................ છે.

સવાલ ૬

ફકરો બીજો

**નીચેનાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરો.** **[૫ ગુણ]**

**(ક)** જુદી જુદી જાતની સારવારના ઈતિહાસની વાત લાંબી અને રસથી .......................................... . **[૧]**

**(ખ)** પહેલાંના સમયમાં લોકો દર્દીને કહેતા, “છોડનાં પાનનો ....................................................... .” **[૧]**

**(ગ)** ત્યાર બાદ લોકો દુકાનમાંથી ખરીદેલી .................................................................................. . **[૧]**

**(ઘ)** આડઅસરોને કારણે ઘણા લોકો આવી દવા ......................................................................... . **[૧]**

**(ચ)** હવે લોકોને ફરીથી વનસ્પતિની દવાઓ પર .................................................................... . **[૧]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ ‘ઈન્સર્ટ શીટ’ પર આપી છે.**

© OCR 2011

સવાલ ૭

**ફકરો ત્રીજો અને ચોથો** **[૧૦ ગુણ]**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**(ક)** નાની નાની બીમારીની સારવાર માટે લોકો સૌથી પહેલાં શું કરે છે?

........................................................................................................................ **[૧]**

**(ખ)** કયા **બે** કારણોને લીધે પછીથી દર્દીને ડોક્ટર પાસે જવાની જરૂર પડે છે?

..........................................................................................................................

........................................................................................................................ **[૨]**

**(ગ)** ભારતમાં લોકો શા માટે આયુર્વેદ કે હોમિયોપેથી સારવાર લેવાનું વધારે પસંદ કરે છે?

........................................................................................................................ **[૧]**

**(ઘ)** આયુર્વેદ સારવાર અને હોમિયોપેથી સારવાર વચ્ચે કઈ સમાનતા છે?

........................................................................................................................ **[૧]**

**(ચ)** હોમિયોપેથી સારવારથી દર્દી શા માટે કંટાળી જઈ શકે?

........................................................................................................................ **[૧]**

**(છ)** સ્વાસ્થ્ય કેન્દ્રમાંથી ઘેર આવ્યા પછી કયા દર્દીઓ ફરીથી પીડાય છે?

........................................................................................................................ **[૧]**

**(જ)** એલોપેથીની લોકપ્રિયતા કદી ઓછી નહિ થાય તેનાં **ત્રણ** કારણો આપો?

..........................................................................................................................

..........................................................................................................................

........................................................................................................................ **[3]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**



© OCR 2011

**સવાલ ૮ થી ૧૧**

**સવાલ ૮ થી ૧૧માં બધા જ સવાલો એક જ લેખ "કુદરતનું જતન અને પતન" પર આધારિત છે.**

**નીચે આપેલો લેખ વાંચો.**

## કુદરતનું જતન અને પતન

૧ જૈન તીર્થંકર મહાવીર લગભગ ૨૬૦૦ વર્ષ પહેલાં આ જગતમાં થઈ ગયા. તેમણે લોકોને અહિંસાનું પાલન કરવાનો સંદેશો આપ્યો અને કહ્યું કે આપણે ફક્ત મનુષ્યો કે પ્રાણીઓ પ્રત્યે જ નહિ પણ આપણી આસપાસની કુદરત પ્રત્યે પણ અહિંસાભાવ રાખવો જોઈએ. આપણે વાયુ, ધરતી, પાણી, અગ્નિ, અને વનસ્પતિનો બગાડ ન કરવો જોઈએ, તેમને હાનિ ન પહોંચાડવી જોઈએ અને તેમનું જતન કરવું જોઈએ. આજના વૈજ્ઞાનિકો પણ કહે છે કે આપણે કુદરતી દુનિયાની સંભાળ નહિ લઈએ તો આપણી પૃથ્વી પરનું જીવન નાશ પામશે.

૨ કારખાનાં અને ગાડીઓનો કાર્બન ડાયોક્સાઈડથી ભરેલો ધુમાડો આપણી આસપાસની હવાને ગંદી કરે છે તેને કારણે કેટલાય લોકો શ્વાસને લગતા રોગોથી પીડાય છે. આપણી પૃથ્વીની ફરતે ઓઝોન વાયુનું પડ છે તેમાં સી.એફ.સી. વાયુઓને કારણે ગાબડું પડવાથી સૂર્યના હાનિકારક કિરણો આપણી ઉપર પડે છે અને આપણને ચામડીની ભયંકર બીમારીઓ થાય છે. માટીની બાબતે જોઈએ તો ખેતરના પાક વધારવા માટે રસાયણોવાળું ખાતર માટીમાં ભેળવાય છે જેથી તેમાં વસતાં ઉપયોગી જીવજંતુ મૃત્યુ પામે છે અને ધરતી શ્વાસ લેતી બંધ થાય છે.

3 પાણીની બાબત પણ ચિંતાજનક છે. કારખાનાંનો ઝેરી રસાયણયુક્ત કચરો અને શહેરની ગટરોની ગંદકી નદીઓમાં ઠલવાવાને કારણે નદીઓનું પાણી પીવાલાયક રહેતું નથી અને તેમાં બીજા જળચર જીવો કે વનસ્પતિ જીવી શકતાં નથી. અગ્નિ કે ઊર્જાની ચિંતા તો આ જગતની મોટી ચિંતા છે. પૃથ્વીના પેટાળમાં ભરેલા કોલસા, તેલ જેવા બળતણ માટેના ખનીજ પદાર્થો લગભગ ખૂટી જવા આવ્યા છે. ઊર્જા મેળવવા માટે આપણે હવે સૂર્ય, પવન અને મોજાં તરફ મીટ માંડી છે. આ ઉપરાંત આપણા ઉપયોગ માટે વનસ્પતિના જંગલોનો બેફામ રીતે નાશ થઈ રહ્યો છે અને તેને પરિણામે જગતનું હવામાન ખોરવાઈ ગયું છે.

૪ પર્યાવરણની મુશ્કેલીઓ માટે સૌથી વધારે જવાબદાર છે મનુષ્ય. પોતાની જરૂરિયાતો અને મોજશોખ માટે તે હંમેશાં કુદરતી સંપત્તિ લૂંટતો રહ્યો છે. પણ હવે બસ થયું! હવેથી તેણે વસ્તુઓનો વિચારપૂર્વક ઉપયોગ કરીને બગાડ રોકવાનો છે જેથી આવતી પેઢીઓ આ જગતને માણી શકે. આપણે તીર્થંકર મહાવીરના કહેવા પ્રમાણે આપણી આસપાસની જીવસૃષ્ટિને હાનિ પહોંચાડ્યા વગર આ જગતમાંથી પસાર થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

**Task 8: Transfer of meaning**

**Paragraph one**

**Transfer into English the meaning of the first three sentences in the first paragraph from** ‘જૈન તીર્થંકર મહાવીર લગભગ’ **to** ‘અને તેમનું જતન કરવું જોઈએ’

**Marks are awarded for accurate transfer of meaning and the quality of your written English.**

**[10 marks]**

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

© OCR 2011

**સવાલ ૯**

**ફકરો બીજો**

**નીચે આપેલાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરવાં ખાલી જગ્યામાં <u>તમારા પોતાના</u> એક અથવા વધારે શબ્દો લખો.**

**[૬ ગુણ]**

**(ક)** વાહનોમાંથી નીકળતા કાર્બન ડાયોક્સાઈડને કારણે હવામાં ........................... ફેલાય છે. **[૧]**

**(ખ)** ગંદી હવાને કારણે ઘણા લોકોને ........................... બીમારીઓ થાય છે. **[૧]**

**(ગ)** ઓઝોનના પડમાં કાણું ........................... મુખ્ય કારણ સી.એફ.સી. વાયુ છે. **[૧]**

**(ઘ)** સૂરજનાં હાનિકારક કિરણો ઓઝોન પડમાં પડેલા ........................ પૃથ્વી પર આવી જાય છે. **[૧]**

**(ચ)** સૂર્યના હાનિકારક કિરણોને લીધે આપણને ચામડીનો રોગ થવાનો ........................... રહે છે. **[૧]**

**(છ)** ઝેરી રસાયણોવાળા ખાતરને કારણે જમીનમાં વસતા ઉપયોગી જીવો ........................ . **[૧]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

સવાલ ૧૦

ફકરો ત્રીજો

**નીચે આપેલા શબ્દસમૂહો લેખમાં લીટી દોરીને બતાવવામાં આવ્યા છે. દરેકને તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં સમજાવો.**

**[૬ ગુણ]**

**(ક)** ચિંતાજનક

..........................................................................................................................................

.................................................................................................................................... **[૧]**

**(ખ)** પીવાલાયક રહેતું નથી

..........................................................................................................................................

.................................................................................................................................... **[૧]**

**(ગ)** જળચર જીવો

..........................................................................................................................................

.................................................................................................................................... **[૧]**

**(ઘ)** પૃથ્વીના પેટાળમાં

..........................................................................................................................................

.................................................................................................................................... **[૧]**

**(ચ)** મીટ માંડી છે

..........................................................................................................................................

.................................................................................................................................... **[૧]**

**(છ)** બેફામ રીતે

..........................................................................................................................................

.................................................................................................................................... **[૧]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

**સવાલ ૧૧**

**ફકરો ત્રીજો અને ચોથો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** નદીઓનું પાણી ગંદુ થવાથી જીવન પર કઈ કઈ અસરો થાય છે?

........................................................................................................................................

........................................................................................................................................ **[૨]**

**(ખ)** દુનિયાને ઊર્જા બાબતે શી ચિંતા છે?

........................................................................................................................................ **[૧]**

**(ગ)** બીજા શાનામાંથી ઊર્જા મેળવવાના પ્રયત્નો થાય છે?

........................................................................................................................................ **[૧]**

**(ઘ)** દુનિયાના હવામાનમાં ફેરફારો થયા છે તેનું કારણ શું છે?

........................................................................................................................................ **[૧]**

**(ચ)** પૃથ્વીના પર્યાવરણમાં મુશ્કેલીઓ ઊભી કરવા માટે માણસને શા માટે દોષિત ઠરાવી શકાય?

........................................................................................................................................ **[૧]**

**(છ)** પર્યાવરણની મુશ્કેલીઓ દૂર કરવા માણસે શું શું કરવું પડશે?

........................................................................................................................................

........................................................................................................................................ **[૨]**

**(જ)** આમ કરવાનું શા માટે ખૂબ જરૂરી છે?

........................................................................................................................................ **[૧]**

**(ઝ)** આપણું જીવન જીવવા બાબતે મહાવીરે શું બોધ આપ્યો છે?

........................................................................................................................................ **[૧]**

**તમારૂં કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

**Section B Total: 77 marks**

© OCR 2011

## Section C: Writing

*Recommended time for Section C: 1 hour*

**નીચેના સવાલોમાંથી એક ચૂંટો. ગુજરાતીમાં એક નિબંધ લખો. તમારે આશરે ૨૫૦ શબ્દો લખવા જોઈએ. તમે ૪૦૦થી વધારે શબ્દો ન લખો તેવી ભલામણ અમે કરીએ છીએ.**

**તમારા નિબંધમાં આપેલાં બધાં દાખલા અને માહિતી ગુજરાતી દેશો અથવા સમાજને લગતી હોય તે જરૂરી છે.**

**ગુજરાતી (દેશ) અથવા ગુજરાતી (વિશેષણ), એ શબ્દો ગુજરાતી ભાષા બોલાતી હોય એવા કોઈ પણ દેશને લાગુ પડે છે.**

**સવાલો ખાસ પાના પર પણ છાપેલા છે.**

**સવાલ ૧૨ સમાજ: એકતા અને અલગતા**

"સ્વતંત્ર ભારતના બંધારણમાં સ્ત્રી અને પુરુષને સમાન હક્કો આપવામાં આવ્યા છે તેમ છતાં સ્ત્રીઓ પ્રત્યે અન્યાય થઈ રહ્યો છે."
ભારતના અત્યારના જીવનમાં, દાખલા તરીકે જન્મ વખતે અથવા અભ્યાસ બાબતે અથવા લગ્ન જીવનમાં, આ નિવેદન કેટલે અંશે સાચું છે?

**સવાલ ૧૩ સમાજ: બેકારી**

તમારી કોલેજના સામયિક માટે એક લેખ લખો. લેખમાં, કોઈ ગુજરાતી વ્યક્તિ અચાનક બેકાર બની જાય તેના ઘર અને ખર્ચ, બાબતના વિચારો વિશે લખો. તે વ્યક્તિ ફરીથી આર્થિક રીતે પગભર થવા માટે શું કરી શકે એ વિશે સૂચનો આપો અને તેના ફાયદા જણાવો.

**સવાલ ૧૪ પર્યાવરણ: કુદરતી દુનિયાનું રક્ષણ**

"મનુષ્યના ઉપયોગ માટે સાધનો મેળવવા દુનિયાના કુદરતી વિસ્તારોનો નાશ કરવામાં આવે છે."
ગુજરાત અથવા ગુજરાતી લોકો બાબતે આ કેટલે અંશે સાચું છે અને શું કરવું જરૂરી છે?

**સવાલ ૧૫ પર્યાવરણ: ઉર્જા વ્યવસ્થા**

તમારા સમાજના સામયિક માટે એક લેખ લખો. લેખમાં, તમારા સમાજના સભ્યો કઈ કઈ રીતે પોતપોતાના ઘરમાં વીજળી અને વાયુના વપરાશમાં ઘટાડો કરી શકે એ વિશે સૂચનો આપો અને તેનાથી થતા ફાયદા વિશે લખો.

© OCR 2011
Turn over

**સવાલ ૧૬ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન: તબિબિ પ્રગતિ**

યુ.કે.માં  રહેતા ગુજરાતીઓ તેમના સ્વાસ્થ્યની સંભાળ બાબતે દુનિયામાં બીજે ક્યાંય પણ રહેતા ગુજરાતીઓ કરતાં વધારે ભાગ્યશાળી છે."
તમે આ નિવેદન સાથે કેટલે અંશે સહમત થાઓ છો?

**સવાલ ૧૭ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન: પ્રૌદ્યોગિક વિજ્ઞાનનો વિકાસ**

"મારી ગુજરાતી નિશાળ અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન - ટેક્નોલોજી" - એ વિષય પર તમે તમારી ગુજરાતી નિશાળમાં એક ભાષણ આપવાના છો. ભાષણ માટે, પ્રૌદ્યોગિક વિજ્ઞાનમાં થયેલી પ્રગતિનો ઉપયોગ કરીને તમારી ગુજરાતી નિશાળમાં કયા કયા ફેરફારો કરી શકાય એનું વર્ણન કરો અને તે ફેરફારોના લાભ વિશે તમારા અભિપ્રાયો આપો.

**સવાલ ૧૮ સંસ્કૃતિ: ઈતિહાસ**

"શહેનશાહ અકબર એક મહાન મોગલ બાદશાહ હતા અને ભારતની સંસ્કૃતિ પર તેમનો મહત્ત્વપૂર્ણ પ્રભાવ પડયો છે."
તમે આ વાત સાથે કેટલે અંશે સહમત થાઓ છો?

**સવાલ ૧૯ સંસ્કૃતિ: કળા**

સ્થાનિક વર્તમાનપત્રના 'નવરાત્રિ અંક' માટે "ગુજરાતી ગરબા અને દાંડિયા રાસ" વિશે એક લેખ લખવાનું તમને કહેવામાં આવ્યું છે. રાસ-ગરબાની અગત્યની બાબત કઈ કઈ છે અને આજના ગુજરાતી સમાજમાં તે શા માટે સુસંગત છે?

**Relevance and points of view: 10 marks**
**Structure and Analysis: 15 marks**
**Quality of Language (accuracy): 10 marks**
**Quality of Language (range): 10 marks**

**Section C Total: 45 Marks**

© OCR 2011

© OCR 2011

